# "Donate Life"

Opp. IDBI Bank,
Near Kasanagar, Katargam,
Surat-395 004. Gujarat, India.
Email : info@donatelife.org.in
Web : www.donatelife.org.in
Registration No. E-7652 Dt. 04-12-2014


તા: ૨૮/૦૭/૨૦૧૬
સુરત.

રેફ નં.

તંત્રી શ્રી, ______________________

જાત નીચેની પ્રેસ નોટઆપના દૈનિકમાં પ્રસિધ્ધ કરી આભારી કરશોજી.

લિ.

આપનો વિશ્વાસુ,

[signature]

નીલેશ વિ. માંડલેવાળા, પ્રમુખ

---

## સુરત, ગુજરાત માંથી ૮૧ મીનીટમાં છઠ્ઠું હૃદય મુંબઈ, મહારષ્ટ્રમાં ટ્રાન્સફર અને ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવ્યું

## સૌરાષ્ટ્ર લેઉવા પટેલ સમાજના બ્રેનડેડ રાજુ બટુકભાઈ દેસાઈના અંગોનું દાન કરી

## ચાર વ્યક્તિઓને નવું જીવન અને બે વ્યક્તિઓને નવી રોશની આપી

## બ્રેનડેડ રાજુ બટુકભાઈ દેસાઈના પરિવારે સમાજને નવી દિશા બતાવી.

નામ: રાજુ બટુકભાઈ દેસાઈ (યોગઢવાળા) ઉ. વ.૩૪ બ્લડ ગ્રુપ: B+

વ્યવસાય : કતારગામમાં નંદુડોશીની વાડીમાં આવેલ હીરાના કારખાનામાં સ્પીનર તરીકે કામ કરતો હતો.

રહેવાસી: ૩૦૨, મંગલમૂર્તી એપાર્ટમેન્ટ, સ્નેહસાગર સોસાયટીની પાસે, કતારગામ, સુરત.

કૌટુંબિક વિગત : પિતા : બટુકભાઈ જીવરાજભાઈ દેસાઈ(યોગઢવાળા) ઉ. વ.૬૮

વ્યવસાય : છુટક મજૂરી કામ

માતા : શાંતુબેન બટુકભાઈ દેસાઈ(યોગઢવાળા) ઉ. વ.૫૫

ભાઈ : પ્રવીણ બટુકભાઈ દેસાઈ (યોગઢવાળા) ઉ. વ. ૩૫

<u>બનાવની વિગત:</u>

મંગળવાર તા. ૧૯ જુલાઈ, ૨૦૧૬ ના રોજ બપોરે ૧.૩૦ કલાકે જમતી વખતે રાજુભાઈને ખેંચ આવતા તેઓ બેભાન થઇ ગયા હતા તેથી તેને ઓમ શીવમ મલ્ટી સ્પેશ્યાલીટી હોસ્પીટલમાં ડો. હિતેશ તમાકુવાળાની સારવાર હેઠળ દાખલ કરવામાં આવ્યા અને સારવાર શરૂ કરવામાં આવી.

શનિવાર તા.૨૩ જુલાઈ, ૨૦૧૬ ના રોજ ઓમ શીવમ મલ્ટી સ્પેશ્યાલીટી હોસ્પીટલ માંથી સાંજે ૪.૦૦ કલાકે આયુષ I.C.U. એન્ડ મલ્ટી સ્પેશ્યાલીટી હોસ્પીટલમાં ડૉ. જી.વી. પટેલની સારવાર હેઠળ દાખલ કરવામાં આવ્યા.

મંગળવાર તા. ૨૬ જુલાઈ, ૨૦૧૬ ના રોજ તેમનું બ્લડ પ્રેશર ઘટી જતા તબિયત બગડી હતી.

૨...

# "Donate Life"

Opp. IDBI Bank,
Near Kasanagar, Katargam,
Surat-395 004. Gujarat, India.
Email : info@donatelife.org.in
Web : www.donatelife.org.in
Registration No. E-7652 Dt. 04-12-2014

DONATE LIFE™
an initiative for organ donation



બુધવાર તા. ૨૭ જુલાઈના, ૨૦૧૬ ના રોજ ન્યુરોફીઝીશ્યન ડો. કિશોર પડસાળા અને ન્યુરોસર્જન ડો. હસમુખ સોજીત્રાએ રાજુ ને બ્રેનડેડ જાહેર કર્યો. પરિવારના મિત્ર રમેશભાઈ વઘાસીયા (વલ્લીપુર) એ ડોનેટ લાઈફના પ્રમુખ નિલેશ માંડલેવાલાનો ટેલીફોનીક સંપર્ક કરી રાજુના બ્રેનડેડ અંગેની માહિતી આપી.

ડોનેટ લાઈફની ટીમે હોસ્પીટલ પહોંચી રાજુના પિતાશ્રી બટુકભાઈ માતાશ્રી શાંતુબેન, મામા લવજીભાઈ નાવડીયા, માસીના દીકરા રાજુભાઈ સુતરીયાને ઓર્ગન ડોનેશન અંગેની જાણકારી આપી, ઓર્ગન ડોનેશનનું મહત્વ સમજાવ્યું.

રાજુના પિતા શ્રી બટુકભાઈ અને માતાશ્રી શાંતુબેને જણાવ્યું કે સાહેબ અમારો દિકરો બ્રેનડેડ છે અને મૃત્યુ નિશ્ચિત જ છે તો તેના અંગો બળીને રાખ થઈ જાય તેના કરતા તેઓના અંગોનું દાન કરીને કિડની, લિવર અને હૃદય નિષ્ફળતાના દર્દીઓને નવું જીવન મળે તેવું કરો. વધુમાં તેઓ એ કહ્યું કે સામાન્ય પરિવાર માંથી આવીએ છીએ, જીવનમાં કદી દાન કરી શકીએ તેમ નથી. પરંતુ આજે અમારો દીકરો બ્રેનડેડ થયો છે ત્યારે તેના અંગોનું દાન કરાવી ઓર્ગન નિષ્ફળતાના દર્દીઓને નવજીવન બક્ષવા માટે આપ આગળ વધો.

પરિવારજનો તરફથી અંગદાનની સંમતિ મળતા નીલેશ માંડલેવાલાએ અમદાવાદની Institute of Kidney Diseases and Research Centre (IKDRC)ના ટ્રાન્સપ્લાન્ટ કો.ઓર્ડીનેટર પ્રિયાબેન શાહ અને ડો. પ્રાંજલ મોદીનો સંપર્ક કરી કીડની અને લીવરનું દાન લેવા આવવા માટે જણાવ્યું જ્યારે હૃદયના દાન માટે ZTCC ના કો.ઓર્ડીનેટર રાહુલ નો સંપર્ક કર્યો.

મુંબઈની ફોર્ટીસ હોસ્પીટલના ચીફ કાર્ડિયાક સર્જન ડો અન્વય મુલે અને તેમની ટીમે આવી હૃદયનું દાન સ્વીકાર્યું, અમદાવાદની Institute of Kidney Diseases and Research Centre (IKDRC)ના ડો. પ્રાંજલ મોદી, અને તેમની ટીમે આવી બે કિડની અને લીવરનું દાન સ્વીકાર્યું. જ્યારે ચક્ષુઓનું દાન લોકદ્રષ્ટિ ચક્ષુ બેંકના ડો. પ્રફુલ શિરોયાએ સ્વીકાર્યું.

દાનમાં મેળવવામાં આવેલું હૃદયનું ટ્રાન્સપ્લાન્ટ સતારા જીલ્લાના રહેવાસી શ્રીમતી રાજશ્રી ગરલે ઉ. વ. ૨૯માં ચીફ કાર્ડિયાક સર્જન ડો. અન્વય મુલે અને તેમની ટીમ દ્વારા મુંબઈ મુલુન્ડ માં આવેલ ફોર્ટીસ હોસ્પિટલ ખાતે કરવામાં આવ્યું છે.

જ્યારે દાનમાં મેળવવામાં આવેલી બે કિડની પૈકી એક કિડની સોમનાથના રહેવાસી હરેશ ચૌહાણ ઉ. વ. ૧૯ અને બીજી કિડની વલસાડના રહેવાસી અંકુલ પ્રજાપતિ ઉ. વ. ૨૪માં ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવી. જ્યારે લીવર અમદાવાદના સુભાષચંદ્ર રમણલાલ દેસાઈ ઉ.વ.૬૮માં ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવ્યું છે.

આ બન્ને કિડની અને લીવરનું ટ્રાન્સપ્લાન્ટ અમદાવાદની Institute of Kidney Diseases and Research Centre (IKDRC) ખાતે ડો. પ્રાંજલ મોદી, ડો. જમાલ રીઝવી અને તેમની ટીમ દ્વારા કરવામાં આવ્યું છે.

અંગદાન મેળવવાની આ સમગ્ર પ્રક્રિયામાં રાજુના પિતા શ્રી બટુકભાઈ, માતાશ્રી શાંતુબેન, ભાઈ પ્રવીણભાઈ, મામા લવજીભાઈ નાવડીયા, માસીના દિકરા રાજુભાઈ સુતરીયા, પરિવારના મિત્ર રમેશભાઈ વઘાસીયા (વલ્લીપુર), ન્યુરોફીઝીશ્યન ડો. કિશોર પડસાળા, ન્યુરોસર્જન ડો. હસમુખ સોજીત્રા, ચીફ મેડીકલ ઓફીસર ડો. રમેશ પટેલ, આયુષ આઈ. સી. યુ. & મલ્ટી સ્પેશ્યાલીટી હોસ્પીટલના સંચાલકો અને સ્ટાફ, ડોનેટ લાઈફના પ્રમુખશ્રી નીલેશ માંડલેવાલા, મંત્રી શ્રી રાકેશ જૈન, ટ્રસ્ટી હેમંત દેસાઈ અને સુભાષ જોધાણીનો સહકાર સાંપડ્યો હતો.

સુરત અને દક્ષિણ ગુજરાતમાંથી અત્યાર સુધી બ્રેનડેડ વ્યક્તિઓના પરિવારજનો સાથે સમજણ કેળવી શ્રી નીલેશ માંડલેવાલા અને ડોનેટ લાઈફ દ્વારા ૧૬૧ કિડની, ૫૭ લીવર, ૩ પેન્ક્રીઆસ, ૬ હૃદય અને ૧૩૮ ચક્ષુઓનો દાન મેળવીને ૩૬૫ વ્યક્તિઓને નવું જીવન અને નવી રોશની બક્ષવામાં સફળતા મળી છે.

3...

**Nilesh Mandlewala**
President
+91 98256 09922

**Sandeep Kumar, IRS**
Vice President
+91 81307 81031

**Rakesh Jain**
Hon. Secretary
+91 98241 10349

**Ramesh Malpani**
Hon. Treasurer
+91 98253 21626

"Donate Life"
Opp. IDBI Bank,
Near Kasanagar, Katargam,
Surat-395 004. Gujarat, India.
Email : info@donatelife.org.in
Web : www.donatelife.org.in
Registration No. E-7652 Dt. 04-12-2014

DONATE LIFE™
an initiative for organ donation



આયુષ આઈ. સી. યુ. &મલ્ટી સ્પેશ્યાલીટી હોસ્પીટલ થી સુરત એરપોર્ટ સુધીના માર્ગને ગ્રીન કોરીડોર કરવા માટે સુરત શહેર પોલીસ કમિશ્નર અને એરપોર્ટ ઓથોરીટીનો સહકાર સાંપડયો હતો.

<u>કેડેવર હૃદય ડોનેશનની પ્રક્રિયા નો ઘટના ક્રમ</u>

૧. રાત્રે ૧૧:૫૨ કલાકે કેડેવર ઓર્ગન ડોનર રાજુ બહુકભાઈ દેસાઈ ને ઓપરેશન થીએટરમાં શીફ્ટ કર્યા.
૨. રાત્રે ૦૨:૦૦ કલાકે મુંબઈ ની ફોર્ટીસ હોસ્પીટલના ચીફ કાર્ડિયાક સર્જન ડો. અન્વય મુલે અને તેમની ટીમ હૃદય નું દાન સ્વીકારી આયુષ આઈ. સી. યુ. & મલ્ટી સ્પેશ્યાલીટી હોસ્પીટલ થી સુરત એરપોર્ટ જવા રવાના થયા.
૩. રાત્રે ૦૨:૧૭ કલાકે ડો. અન્વય મુલે અને તેમની ટીમ સુરત એરપોર્ટ પહોચ્યા.
૪. રાત્રે ૦૨:૨૨ કલાકે સુરત એરપોર્ટ થી એર એમ્બ્યુલન્સમાં ડો. અન્વય મુલે અને તેમની ટીમ હૃદય લઇ મુંબઈ જવા રવાના થયાં.
૫. રાત્રે ૦૩:૦૨ કલાકે ડો. અનવય મુલે અને તેમની ટીમ મુંબઈ એરપોર્ટ પહોચ્યા.
૬. રાત્રે ૦૩:૦૫ કલાકે ડો. અનવય મુલે અને તેમની ટીમ મુંબઈ એરપોર્ટથી મુલુન્ડ ફોર્ટીસ હોસ્પીટલ જવા રવાના થયા.
૭. રાત્રે ૦૩:૨૧ કલાકે ડો. અનવય મુલે અને તેમની ટીમ મુલુન્ડ ફોર્ટીસ હોસ્પીટલના ઓપરેશન થીએટરમાં દાખલ થયા.
૮. સવારે ૦૭:૪૫ કલાકે હૃદયનું ટ્રાન્સપ્લાન્ટ સતારા જીલ્લાના રહેવાસી શ્રીમતી રાજક્કા ગરલે ઉ. વ. ૨૯ માં ચીફ કાર્ડિયાક સર્જન ડો. અનવય મુલે અને તેમની ટીમ દ્વારા ફોર્ટીસ હોસ્પિટલ, મુલુન્ડ ખાતે કરવામાં આવ્યું અને તેમને આઈ.સી.યુ મા શીફ્ટ કર્યા.

૮૧ મીનીટમાં હૃદય સુરત આયુષ આઈ. સી. યુ. & મલ્ટી સ્પેશ્યાલીટી હોસ્પીટલ થી મુલુન્ડ ફોર્ટીસ હોસ્પીટલમાં ઓપરેશન થીએટરમાં દાખલ થઇ સતારા જીલ્લાના રહેવાસી શ્રીમતી રાજક્કા ગરલે ઉ. વ. ૨૯માં ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવ્યું છે.

ભારતમા ૧૯૯૪માં પહેલું હૃદય નું ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવ્યું હતું. મુંબઈ ફોર્ટીસ હોસ્પીટલમાં હૃદય નું ૨૩મુ ટ્રાન્સપ્લાન્ટ છે. છેલ્લા સાત મહિનામા ગુજરાત માથી હૃદય મહારાષ્ટ્રમાં ટ્રાન્સફર અને ટ્રાન્સપ્લાન્ટ કરવાનો આ છઠ્ઠો કિસ્સો છે. જેનું શ્રેય પણ સુરત ને ફાળે જાય છે.

**Nilesh Mandlewala**
President
+91 98256 09922

**Sandeep Kumar, IRS**
Vice President
+91 81307 81031

**Rakesh Jain**
Hon. Secretary
+91 98241 10349

**Ramesh Malpani**
Hon. Treasurer
+91 98253 21626